# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2023** **MIDDAY : 2.30 to 2.35PM**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# VIBRANT ARAVALLI

અરવલ્લી જિલ્લામાં આગામી ગુજરાત વાઇબ્રન્ટ સમિટને લઈને વાઇબ્રન્ટ અરવલ્લી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાજ્યના અલગ અલગ જગ્યાએથી નવા ઉદ્યોગકારો અને રોકાણકારો જિલ્લાના મોડાસા ખાતે આવ્યા હતા.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ અંકિત ચૌહાણે જણાવ્યું કે આ કાર્યક્રમમાં સરકારની વિવિધ ઉદ્યોગકારો માટેની યોજના અંગે જાણકારી આપવામાં આવી હતી. તેમાં ઉદ્યોગકારોએ પોતપોતાના સ્ટોલ્સ પણ લગાવ્યા હતા. મોડાસામાં આવેલી જીઆઇડીસીમાં કાયમી ધોરણે જીઆઇડીસીના અધિકારીની નિમણૂંક થાય તે માટે પણ પ્રયાસો કરવામાં આવશે, તેવું જિલ્લા સાંસદ દીપસિંહ રાઠોડે જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CM - MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ગુરુવારે પાંચમી ઓક્ટોબરે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે નાગરિકોને મળી વાતચીત કરશે.

સામાન્યતઃ અઠવાડિયાના પ્રથમ બે દિવસે એટલે કે સોમવાર અને મંગળવારે નાગરિકો મુખ્યમંત્રીશ્રીને મળી શકતા હોય છે. પરંતુ ઓક્ટોબર-૨૦૨૩ના પ્રથમ સોમવાર તારીખ ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિની સરકારી કચેરીઓમાં જાહેર રજા હોવાથી આ નિર્ણય લેવાયો છે.

. . . . . . . . . . . . . . . . . .

# HC - CTD RANGPUR

છોટાઉદેપુર તાલુકાના રંગપુર ખાતે એક કરોડ, 10 લાખ રૂપિયાના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્ર બંધાશે.

સાંસદ ગીતાબેન રાઠવા અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ પેટા આરોગ્ય કેન્દ્રના ખાતમુહુર્ત પ્રસંગે જણાવ્યું હતું કે સૂચિત આરોગ્ય કેન્દ્ર કાર્યરત થતા, આ વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે સારી આરોગ્ય સેવા ઉપલબ્ધ થશે. બંને અગ્રણીઓએ ઉપસ્થિત નાગરિકો સાથે સંવાદ કર્યો હતો. તેમણે આયુષ્માન કાર્ડ યોજનાના લાભો જણાવીને જે વ્યક્તિઓએ આયુષ્માન કાર્ડ કઢાવ્યા ન હોય, તેમને વહેલી તકે આયુષ્માન કાર્ડ કઢાવવા અનુરોધ કર્યો હતો.

અમારા છોટાઉદેપુરના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે રંગપુરમાં બંધાનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ક્લીનીક રૂમ, ડિલીવરી રૂમ ઉપરાંત આરોગ્ય કાર્યકરો માટે ક્વાર્ટરની સુવિધા રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Shyamjikrishna Varma- 165th Birth Anniversary

વિદેશમાં રહીને ભારતની આઝાદીના ચળવળમાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૫મી જન્મજયંતિ નિમીત્તે વિધાનસભા પોડિયમ ખાતે આવેલા તેમના

તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટી હીરજીભાઈ કારણીયા તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બાબુભાઈ શાહે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબહેન મહેતા તથા વિધાનસભાના અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા.

--------------------------------------

# SWACHH BHARAT-PORBANDAR

પોરબંદર જિલ્લાના કોલીખડા ગામે સ્વચ્છ ભારત દિવસ નિમિતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

અમારા પોરબંદરના પ્રતિનિધિ મહેશ લૂકકાના જણાવ્યા અનુસાર તેમાં સ્વચ્છતા રેલી અને શપથગ્રહણ સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા પણ પૂજ્ય મહાત્મા ગાંધીજીને પ્રિય સ્વચ્છતા પર ખાસ ભાર મુકવાની સાથો સાથ ગામે ગામે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GRAM SABHA-RAJKOT

રાજકોટ તાલુકાના આણંદપર (નવા) ગામ ખાતે 'સબ કી યોજના, સબ કા વિકાસ' કાર્યક્રમ અંતર્ગત ગ્રામસભા યોજાઈ હતી. જેમાં પંચાયત

વિકાસ સૂચક આંકનું વાંચન કરાયું હતું. ઉપરાંત પીપલ્સ પ્લાન કેમ્પેઈન ૨૦૨૩-'૨૪નું આયોજન અને ૧૫મું નાણાપંચ 2020 થી 2023 સોશિયલ ઓડીટ કરાયું હતું. તેમજ 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશનું આયોજન તથા 'જળ જીવન મિશન' કાર્યક્રમની ચર્ચા કરાઈ હતી.

------------------------

# MEHSANA-AROGYA ZUMBESH

મહેસાણા જીલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વિવિધ કસ્ટડીઓમાં રહેનાર લોકો જેવા કે જેલ, મહિલા ગૃહો, વ્યસન મુક્તિ કેન્દ્રો અને બાલ સંરક્ષણ માટે એક ખાસ ઝુંબેશ યોજાશે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિએ જણાવ્યું કે 31 મી ઓક્ટોબર સુધી એચ.આઈ.વી, ટી.બી, હિપેટાઇટિસ બી અને સી તથા સિફિલિસ વિશે જાગૃતતા સ્ક્રિનિંગ અને સારવાર આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા યોજાનારી આ ખાસ ઝુંબેશથી  કસ્ટડીમાં રહેનારા લોકોમાં આરોગ્ય અંગે લોકજાગૃતિ પણ આવશે.

. . . . . . . . . . . . . . . .

# HEALTH MELA-DANG

ડાંગ જિલ્લામાં સંપૂર્ણ સ્વાસ્થ્ય એક સંકલ્પ કાર્યક્રમ હેઠળ સુબીર તાલુકાના ત્રણ સહિત 18 જેટલા સ્વાસ્થ્ય કેન્દ્રો પર આરોગ્ય મેળાઓ યોજાઇ ગયા.

આ આરોગ્ય મેળાઓમાં બિનચેપી રોગોનું સ્ક્રિનીંગ, રસીકરણ, આરોગ્ય તપાસ જેવી કામગીરી કરવામાં આવી હતી. આ પ્રસંગે સુબીર પ્રાથમિક કેન્દ્રથી સુબીર સર્કલ સુધી ટીબી અંગે લોકજાગૃતિ  રેલી યોજાઇ હતી. આ ઉપરાંત રેફરલ હોસ્પિટલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નિશ્ચય મિત્ર દ્વારા દત્તક ટીબીના દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ડાંગ જિલ્લા ક્ષય કેન્દ્ર તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે ટીબી કેસની તપાસ અને સારવાર ઝુંબેશ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણા સ્થળોએ છેલ્લા 36 કલાકમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડિગ્રી ઓછું નોંધાયું હતું. સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું. આ ઉપરાંત ડીસામાં 38 ડિગ્રી, ભૂજ, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 37, અમરેલી, અમદાવાદ અને વડોદરામાં 36, ભાવનગર અને ગાંધીનગરમાં 35 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .